મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૭-૦૧-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367




## વર્ષ દરમિયાન બનેલા ક્રાઈમના ડેટા જોવામાં આવ્યા હતા, ત્યારબાદ તેનું એનાલિસિસ કરવામાં આવેલ

# મહેસાણામાં રેન્જ આઈજીના લોક દરબારમાં પોલીસની કામગીરી બિરદાવાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

મહેસાણામાં આજે રેન્જ આઈજી વીરેન્દ્ર યાદવ દ્વારા મુલાકાત કરવામાં આવી, જેમાં જિલ્લામાં આવેલા તમામ પોલીસ મથકના પી.આઈ વાર્ષિક ઈન્સ્પેકશનમાં જોડાયા હતા. વાર્ષિક ઈન્સ્પેકશનમાં વર્ષ દરમિયાન બનેલા ક્રાઈમના ડેટા જોવામાં આવ્યા હતા, ત્યારબાદ તેનું એનાલિસિસ કરવામાં આવ્યું. તેમજ પરેડ,આઉટ ડોર ઈન્સ્પેકશન લોક દરબાર યોજી, લોકોની સમસ્યા સાંભળી યોગ્ય કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી.

રેન્જ આઈજી વીરેન્દ્ર યાદવે જણાવ્યું કે, મહેસાણા જિલ્લાનું રેન્જ કક્ષાનું વાર્ષિક ઈન્સ્પેકશન લેવામાં આવે છે, એમાં અમુક પરેડ અને આઉટ ડોર એક્ટિવિટી કરવામાં આવે છે. તેમજ લોક દરબાર યોજવામાં આવ્યો છે. મહેસાણામાં આડેધડ થયેલા બાંધકામમાં પાર્કિંગની સમસ્યાના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા બાબતે તમામ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આનો એક પ્લાન બનાવી અલગ અલગ જગ્યા પર સમસ્યા છે, ત્યાં પ્લાન બનાવીને આના પર કાર્યવાહી થાય એવું આયોજન કરવામાં આવશે. આના સિવાય પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ લેવામાં આવી છે, જેમાં ડિટેક્શન ના થયા હોય એમ સુધારો કરવા સૂચના અપાઈ ફેટલના કેસ ઓછા થયા છે. એનડીપીએસના કેસ સારા કરવામાં આવ્યા છે.એક રજૂઆત રજૂ થઈ છે જેમાં અમુક ડમ્પરમાં જે રેતી કપચી ભરેલી હોઈ આ રોડ પર બહાર પડતી હોઈ છે ને ઊડતી હોઈ છે, આનાથી સમસ્યા ઉભી થઈ શકે છે. આ બાબતે ડીવાયએસપી લેવલ પર તમામ જે ડમ્પરવાળા લોકો છે એમના એસોસિએશન સાથે મિટિંગ થશે અને તમામને સૂચના આપવામાં આવશે જેમાં ડમ્પરો ઢાંકીને રાખે જેથી રેતી કપચી એમાંથી રોડ પર ના પડે અને કોઈ પાલન નહિ કરે તો એના સામે કાર્યવાહી કરવામાં આવશે.



## મહેસાણા જિલ્લામાં રેતી, કપચી ભરી હાઈવે ઉપર બેફામ દોડતાં ડમ્પરો સામે કાર્યવાહી કરવા માંગ



ગરવી તાકાત ● મહેસાણા જિલ્લાના તાલુકા એવા ખેરાલુ, વડનગર અને વિજાપુર મા ટૂંક સમયમાં નગરપાલિકાઓના ચૂંટણી સંદર્ભે ઉત્તર ગુજરાત પ્રભારી છૈંઝ્ઝ સેક્રેટરી માનનીય શુભાશિની યાદવજી, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ મહિલા કા. પ્રમુખ ગીતાબેન પટેલ આવનાર નગરપાલિકા ઓની મહિલા રીવ્યુ મીટીંગ લીધી. ત્યારબાદ દિલ્હીના એક ભાજપના નેતા પૂર્વ સાંસદ અને કાલકાજી સીટના ભાજપના ઉમેદવાર રમેશ બિખુડીએ કૉંગ્રેસના મહાસચિવ સાંસદ પ્રિયંકાજીના વિરોધની ટિપ્પણી કરી અપમાન કર્યુ કે અમારી સરકાર આવશે તો પ્રિયંકાજીના ગાલ જેવા રોડ બનાવીશું એમના આ નિવેદનથી ભારત ભરની મહિલાઓનું અપમાન કર્યું છે એ બાબતે મહેસાણા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. ●

**શ્રી ગૌતમકમુાર વાણીયા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૨૬૨/૨૦૨૪ તા.૦૨/૦૧/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : પટેલ મધુબેન હેમાભાઈ
મૂળ રહે, ગમાનપુરા તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળા: (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, ગમાનપુરા ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, ગમાનપુરા પ્રાથમિક મિશ્ર શાળા, ગમાનપુરા તા.જિ.મહેસાણા
જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નામે ‘પટેલ મધુબેન હેમાભાઈ’ નો જન્મ ‘તા.૦૧/૦૬/૧૯૬૮’ ના રોજ ગામ ગમાનપુરા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

## જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતી માસ કાર્યક્રમ યોજાયો

# માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને કઈ રીતે તુરંત હોસ્પિટલ પહોંચાડી શકાય તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી માસ - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં પણ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા નાગરિકોની જાગૃતિ માટે પ્રતિદિન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે પૈકી આજ રોજ સાર્વજનિક વિદ્યાલય, મહેસાણાના કમળાબા હોલ ખાતે કલેકટર શ્રી એમ.નાગરાજનની અધ્યક્ષતા હેઠળ માર્ગ સલામતી માસના કાર્યક્રમ યોજાયો હતો . પ્રાસંગિક પ્રવચનમાં કલેકટરશ્રી એમ.નાગરાજને જિલ્લા માર્ગ સલામતી સપ્તાહ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બાળકોને માર્ગ સલામતીનું મહત્વ અને તેની જરૂરિયાત સંદર્ભે જણાવ્યું હતું. આ પ્રસંગે તેમને અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ મિશન અંગે પણ વિદ્યાર્થીઓની માહિતગાર કર્યા હતા.



મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે માર્ગ સલામતી માટેના તેમજ સાવચેતીના ફાયદા ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા.

જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા લોકોને રોડ અકસ્માત નિવારવા અને અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને કઈ રીતે તુરંત હોસ્પિટલ પહોચાડી શકાય તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સાર્વજનિક સ્કૂલ મહેસાણાના માનદ મંત્રી શ્રી મિલનભાઈ ચૌધરી, મહેસાણા ના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી જે .કે.જેગોડા, એ.આર.ટી.ઓ. શ્રી સ્વપ્રિલભાઈ પટેલ સહિત આરટીઓ કચેરીના આધિકારીશ્રીઓ, સાર્વજનિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વિસનગર કડા ચોકડી પરના વિસ્તારની પસંદગી ‘ઈટ રાઈટ સ્ટ્રીટ ફુડ હબ’ તરીકે કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણા અને કડા ચાર રસ્તા પાસે આવેલ ખાણીપીણીના વેપારી મિત્રોના સહયોગથી વિસનગર શહેરમાં “ હરીહર સ્ટ્રીટ ફુડ હબ” નુ ઉદઘાટન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એ.પી.એમ.સી વિસનગર ચેરમેનશ્રી પ્રીતેશભાઈ પટેલ હાજર રહેલ સાથે વિસનગર નગરપાલિકા પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી પાર્થભાઈ ત્રિવેદી દ્વારા “હરીહર “સ્ટ્રીટ ફુડ હબ તકતીનુ અનાવરણ કરવામાં આવેલ.

મહેસાણા જીલ્લામાં વિસનગર તાલુકામાં કડા ચોકડી પાસે આવેલ વિસ્તાર એ વિસનગર શહેરનુ ખાણીપીણીનુ એક નવુ કેંદ્ર બની ગયુ છે. આ બાબત ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ મહેસાણાનુ ધ્યાન કેંદ્રીત કરતા. સૌપ્રથમ આ સ્ટ્રીટને “Eat Right Stre[a] food hub” Œhefu FSSAI-New Delh માં સર્ટીફાઈડ કરવાનુ નક્કી કરાયુ. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સૌપ્રથમ



મહેસાણા જીલ્લાના વિસનગર શહેરના ખાણીપીણી માટે પ્રખ્યાત કડા ચોકડી પરના વિસ્તારની પસંદગી “ઈટ રાઈટ સ્ટ્રીટ ફુડ હબ” તરીકે કરવામાં આવી.

ત્યારબાદ ત્યા આવેલ તમામ વેપારીઓ ને ફુડ સેફટી, ફુડ ક્વોલીટી અને હાઈઝીન અને સેનેટરી ઓફ કિચન બાબતે જરુરી તાલીમ આપવામાં આવેલ, કડા ચોકડી આસ પાસ આવેલ તમામ સ્ટ્રીટ ફુડ વેંડર ને Food Saf[a]y training & Certification (Fostac) અંતર્ગત તાલીમ બધ્ધ કરી તેઓના યુનીટનું ફુડ &ડ્રગ્સ વિભાગ-મહેસાણા દ્વારા ઈંસ્પેકશન કરવામાં આવેલ તેની જાણ એફ. એસ. એસ. એ. આઈ. ન્યુ દિલ્હીને વિગત વાર રીપોર્ટ કરવામાં આવેલ અને હરીહર સ્ટ્રીટ ફુડ હબ તરીકે તે સ્ટ્રીટનુ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. ત્યારબાદ એફ. એસ. એસ. એ. આઈ. ન્યુ દિલ્હીની થર્ડ પાર્ટી એજન્સી દ્વારા તેનુ ક્રોશ ઈંસ્પેક્શન કરવામાં આવેલ ત્યારબાદ તમામ પરીબળોમાં યોગ્ય સાબીત થતાં **FSSAI-NEW DELHI** દ્વારા કડા ચોકડી વિસ્તારની સ્ટ્રીટ ને “ હરીહર સ્ટ્રીટ ફુડ હબ” તરીકે જાહેર કરવામાં આવેલ.જે વિસનગર શહેર અને સમગ્ર મહેસાણા જીલ્લામાટે ગૌરવ રૂપ સમાન છે એમ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ મહેસાણાના અધિકારીશ્રી વિપુલભાઈ ચૌધરીએ જણાવેલ.




# રાજ્યો વચ્ચે રોકાણ મુદ્દે વધતી પ્રતિસ્પર્ધા

ગત દિવસોમાં ઉત્તરાખંડમાં વૈશ્વિક રોકાણકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય રાજ્યની આર્થિક ક્ષમતાને વધારવા માટે રોકાણકારોને આકર્ષિત કરવાનો હતો. તેમાં વિભિન્ન યોજનાઓ સંબંધિત ૪૪ હજાર કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ત્યારબાદ બિહારમાં પણ બે દિવસીય રોકાણકાર સંમેલન થયું. તેમાં ત્રણસોથી વધુ ઉદ્યમીઓએ રાજ્યમાં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધારેના રોકાણની ઈચ્છા વ્યક્ત કરી. જો આ પ્રસ્તાવોને વાસ્તવિક રૂપે ધરાતલ પર ઉતારવામાં આવે તો બંને રાજ્યો આર્તિક પ્રગતિ અને વિકાસના નવા આયામ સ્થાપિત કરી શકે છે. રોકાણ કોઈપણ અર્થવ્યવસ્થા માટે વૃદ્ધિ અને વિકાસના મુખ્ય ઉત્પ્રેરક રૂપે કામ કરે છે. રોકાણકાર સંમેલન રાજ્ય માટે રોજગારના અવસર સર્જિત કરવાની સાથે વિભિન્ન પરિયોજનાઓને પૂરી કરવામાં મદદ પણ કરે છે. તેનાથી ન માત્ર રાજસ્વ વધે છે, બલ્કે રાજ્યના લોકોને પણ વ્યવસાય માટે બહેતર માહોલ મળે છે. રાજ્યની સંસ્કૃતિ, ખાનપાન અને વૈવિધ્યકરણને વૈશ્વિક સ્તર પર ઓળખ મળે છે. રોકાણના ગુણક પ્રભાવથી એ રાજ્યની સ્વાસ્થ્ય સુવિધાઓ, નગરીકરણ, આધારભૂત સંરચના પણ વધુ મજબૂત થાય છે. આવકના સ્રોતો વધવાથી રાજ્યોને દેવાંની જાળમાંથી બહાર કાઢવાનો અવસર મળે છે, સાથે જ તેમની કેન્દ્ર સરકારના અનુદાન પર નિર્ભરતા ઓછી થઈ જાય છે. રોકાણકાર શિખર સંમેલન રાજ્યોએ પોતાની આર્થિક સ્થિતિને સમજવાનો નવો દૃષ્ટિકોણ આપે છે.

નીતિ આયોગ દ્વારા સહકારી સંઘવાદને ઉત્તેજન આપ્યા બાદથી રાજ્ય પોતાના સંસાધનોના અનુકૂળતમ પ્રયોગ માટે યોજનાઓ ખુદ બનાવી રહ્યા છે. રાજ્ય પોતાની અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ માટે ખાનગી રોકાણના મહત્ત્વને સમજવા લાગ્યાં છે. બદલાતા આર્થિક માહોલમાં રાજ્ય રોકાણ માટે રોકાણકારોને આમંત્રિત કરી રહ્યાં છે. તેના માટે તેઓ જરૂરિયાત પ્રમાણ શ્રમસુધાર કરી રહ્યાં છે. નિયમ-કાયદાને સુધારવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. ઉદ્યોગીકરણને ઉત્તેજન આપતી નીતિઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. ટેકનિકને ઉત્તેજન આપવાની સાથે જ પોતાના અધિનિયમોમાં પરિવર્તન કરી રહ્યાં છે. તેને કારણે વિભિન્ન રાજ્યો વચ્ચે પ્રતિસ્પર્ધાનો એક નવો દોર શરૂ થયો છે. ભારતનું દરેક એ રાજ્ય જેની પાસે વ્યવસાયના અવસર છે, રોકાણકાર સંમેલનનું આયોજન કરી રહ્યું છે. જે રોકાણ પહેલાં માત્ર બંદરવાળાં ક્ષેત્રોમાં થતાં હતાં, આજે તેમાં બદલાવ આવ્યો છે. રોકાણકાર હવે એ રાજ્યોમાં પણ રોકાણ કરી રહ્યા છે, જ્યાં વ્યવસાયને વધારવાના અવસર છે. આવાં સંમેલન મહારાષ્ટ્ર, યુપી, બંગાળ, અસમ, આંધ્ર પ્રદેશ, પંજાબ, છત્તીસગઢ, રાજસ્થાન વગેરેમાં પણ આયોજિત થઈ ચૂક્યાં છે.આ રોકાણ સંમેલનોની સફળતા એ વાત પર નિર્ભર કરે છે કે કરવામાં આવેલ સમજૂતીઓમાંથી કટેલાકને વાસ્તવિકતાના ધરાતલ પર ઉતારવામાં આવે છે.

વ્યાવહારિકતામાં આ સંમેલન રાજકીય દૃષ્ટિકોણને વધુ પુષ્ટ કરે છે, જ્યારે આ સંમેલનોનો ઉદ્દેશ્ય રાજ્યના આર્થિક દૃષ્ટિકોણને વધુ મજબૂત કરવાનો હોવો જોઈએ. રોકાણકાર કોઈપણ રાજ્યમાં ત્યાં સુધી રોકાણ કરવા તૈયાર નથી થતા જ્યાં સુધી કે એ રાજ્યની રાજકીય અને પ્રશાસનિક સ્થિતિઓ તેમને અનુકૂળ નથી હોતી. તેના માટે રાજ્યોએ ગંભીરતાથી નીતિગત પહેલ કરવી પડશે. લાલફીતાશાહીને ઘટાડવા માટે નિયામક પ્રણાલીને આસાન બનાવવી પડશે. પહેલી હરોળના પદાધિકારીઓને નાણાંકીય અને પ્રશાસનિક શક્તિઓ સોંપવાની સાથે જવાબદારી પણ નક્કી કરવી જોઈએ. નીતિ નિર્માણ અને કાર્યાન્વયનની જવાબદારીઓ અલગ કરવાથી નિષ્પાદનમાં ઝડપ આવે છે. ડિજિટલ ડિવાઈડને ઘટાડવાની સાથે નિરીક્ષણ એજન્સીઓને સંવેદનશીલ બનાવવી જોઈએ. સમયબદ્ધતા પર વિશેષ ધ્યાન આપવાથી મૂડીના ખર્ચને સ્થિર રાખી શકાય છે. ઉત્પાદકતા વધારવા માટે ઉત્પાદનના કારકોમાં જરૂરિયાત અનુસાર સુધાર કરવા જોઈએ. શૂન્ય કાર્બન ઉત્સર્જનની દિશામાં આગળ વધી રહેલા ભારતમાં પર્યાવરણના પડકારોને પણ ધ્યાનમાં રાખવા પડશે. રોકાણકારોની કસોટી પર ખરા ઉતરવા માટે દરેક રાજ્યની તેના સંસાધનો અનુસાર જવાબદારી નિર્ધારિત કરવી જોઈએ. સેવા, કૃષિ, વિનિર્માણ, નવીનીકરણ ઊર્જા, ઈલેક્ટ્રીક વાહન, હાઈડ્રોજન ફ્યૂલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખનન, પ્રસંસ્કરણ, રિયલ એસ્ટેટ, સ્વાસ્થ્ય, ઉચ્ચ શિક્ષણ, પર્યટન, ફિલ્મ અને આયુષ વગેરે એવાં ક્ષેત્ર છે, જે રાજ્યોના વિકાસની અસીમ સંભાવનાઓનાં દ્વાર ખોલે છે. તમામ રાજ્યો શ્રમસંપન્ન છે. એવામાં જો દરેક રાજ્ય પોતાના સંસાધનોનો અનુકૂળતમ પ્રયોગ કરે તો આઠ ટકાના વિકાસ દરને આસાનીથી હાંસલ કરી શકાય છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ચીનમાં હાહાકાર મચાવી રહેલ વાયરસના ત્રણ કેસ ભારતમાં નોંધાયા

# HMPV વાયરસનો ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાયો : બે માસનું બાળક પોઝીટીવ

**અગાઉ બેંગ્લોરમાં બે કેસ નોંધાયા બાદ વાયરસ ગુજરાતમાં પણ દેખાતા રાજ્ય સરકાર એલર્ટ : એડવાઇઝરી જાહેર : કર્ણાટકમાં આઠ અને બે માસના બે બાળક સંક્રમિત**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૬

ચીનમાં કોવિડ જેવા દ્રશ્યો સર્જનાર HMPV વાયરસે ભારતમાં પહેલા બેંગ્લોરમાં પ્રવેશ કર્યા બાદ હવે ગુજરાતમાં પણ આ વાયરસનો પ્રથમ કેસ નોંધાયો છે અને અમદાવાદમાં ચાંદખેડાની એક ખાનગી હોસ્પીટલમાં HMPV વાયરસ બે માસના બાળકને સારવાર આપવામાં આવી રહી છે.



કર્ણાટકમાં આજે એક જ દિવસમાં બે કેસ નોંધાયા છે, જેમાં આઠ મહિના અને બીજુ બાળક ત્રણ માસનું છે અને બન્ને બાળકો સંક્રમિત થયા હોવાનું જાહેર થયું છે. ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાતા રાજ્ય સરકાર એલર્ટ થઈ ગઈ છે અને આ વાયરસ સામેની એડવાઈઝરી જાહેર કરી છે.

અમદાવાદનો પ્રથમ કેસ મોડાસા નજીક એક ગામમાં રહેતા અને પંદર દિવસથી શરદી અને તાવથી પીડાતા બાળકને ચાંદખેડાની એક ખાનગી ઓરેંઝ હોસ્પીટલમાં દાખલ કરાયો હતો અને છેલ્લા પાંચ દિવસથી તે વેન્ટીલેટર પર છે જેના લેબોરેટરી ટેસ્ટમાં HMPV વાયરસની હાજરી નોંધાતા તૂર્ત જ રાજ્ય સરકાર અને આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવી છે અને બાળકને આઈસોલેશનમાં રાખીને તેની સારવાર ચાલુ છે.કોવિડ જેવા લક્ષણો ધરાવતા આ વાયરસના આજે બેંગ્લોરમાં બે કેસ નોંધાયા છે. જેમાં અગાઉ આઠ માસના એક બાળકને HMPV વાયરસની ઈફેક્ટ જણાઈ હતી અને ત્યારબાદ ત્રણ માસની બાળકી પણ આ HMPV વાયરસથી સક્રમિત હોવાનું જણાઈ રહયું છે.જો કે બાળકીનું સ્વાસ્થ્ય સુધરતા તેને રજા આપી દેવામાં આવી છે પરંતુ આઠ માસનું બાળક હજુ સારવારમાં છે. ગુજરાતમાં આ રીતે કેસ નોંધાતા તેમાં રાજ્ય સરકારે એલર્ટ જાહેર કરી દીધું છે.

**મોડાસા નજીકના બે માસના બાળકમાં ખાનગી હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલ ટેસ્ટમાં HMPV વાયરસના લક્ષણો જણાયા : આઇસોલેશનમાં સારવાર હેઠળ**

### પોલીસે અડધી રાત્રે ધરપકડ કરી સ્વાભિમાનનું વસ્ત્રાહરણ કર્યુ : કાયદાનો ભંગ કરનારા સામે પગલા લેવા 'મોટાભાઇ'ને વિનંતી : પાયલ ગોટીના આક્ષેપોના ઘેરા પડઘા

# અમરેલીની પાટીદાર યુવતીના લેટર બોમ્બથી હીટવેવ : નવી રાજકીય ગરમી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૬

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવનાર પત્રકાંડમાં રહેલ પાટીદાર યુવતિએ અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાને એક પત્ર પાઠવી પોતાના પર આ પ્રકરણમાં પોલીસે દમન કર્યાના આક્ષેપ કર્યા છે. સ્વમાનનું કાયદાના રક્ષકોએ વસ્ત્રાહરણ કર્યુ છે. જે બદલ 'મોટાભાઈ' એવા ધારાસભ્ય પાસે ન્યાયની માંગણી કરી છે. આ લેટર બોમ્બના કારણે અમરેલી જિલ્લામાં ઠંડી વચ્ચે મોટી રાજકીય ગરમી આવી ગઈ છે.



આ પાટીદાર યુવતિએ જણાવેલ છે કે, હુ તમારી બહેન અને ગુજરાતના ગરીબ પરીવારની એક પોલીસથી પીડીત દિકરી છુ. અને તમે અમારા નેતા, અમરેલીના પ્રતિનિધી, રાજ્યના ખાસ સેવક અને ખુદજ રાજ્ય સરકારનુ અભિન્ન અંગ છો ત્યારે, ગુજરાતના ગામડે ગરીબ પરિવારમાં ઉછરીને સ્વરોજગાર માટે સ્વાભિમાન ભેર સંઘર્ષ કરનારી તમારી બહેન અને ગુજરાતની એક દિકરીની રાજ્યના ખુદ રક્ષકો દ્વારા જ કાયદાનુ ઉલ્લંઘન કરીને અડધી રાતે ધરપકડ કરી ત્રાસ ગુજારાયો છે.

રાજકીય કાવતરાનો ભોગ બનાવવામાં આવે, સાથીદારોને ડંડા મારી મને ભયભીત કરવામા આવે, ડરાવી ધમકાવીને નિવેદનો લેવામા આવે, કોર્ટને ગેરમાર્ગે દોરીને રીમાન્ડ લેવામા આવે, મને બેરહમીથી પટ્ટા મારવામા આવે, જેલના સળીયા પાછળ ધકેલી અને વિના વાંકે એક કુંવારી કન્યાનો જાહેરમા વરઘોડો કાઢીને નારી શક્તિના સ્વાભિમાનનુ વસ્ત્રાહરણ કરનારી કમનસીબ ધટનાથી મને તથા સમગ્ર ગુજરાતની ગરીમાને ભારે મોટી ઠેસ પહોચી છે.

હાલ સ્વતંત્ર ભારતની સંસ્કૃતી, સંસ્કાર અને સંવિધાનથી ચાલતા શાસનમા કાયદાને અહંકારની એડીએ કચડીને ખુદ કૌરવરુપી રક્ષકોએ જ તમારી બહેન અને ગરવા ગુજરાતની એક કુંવારી કન્યાની લજ્જા, મર્યાદા અને સ્વાભિમાનનુ વસ્ત્રાહરણ કર્યુ તેનાથી હુ ખુબ જ વ્યથિત મને દુઃખ અને શરમની લાગણી અનુભવુ છુ.

તેણીએ વધુમાં જણાવેલ છે કે, ભારતનો ઈતિહાસ એનો સાક્ષી છે કે જયારે જયારે આ દેશમા એક અબળાની આબરુ દાવ ઉપર મુકાણી ત્યારે ત્યારે શ્રી કૃષ્ણએ દ્રૌપદીના ચીર પુર્યા છે અને જ્યારે જ્યારે રાજના દરબારીઓ ચુપ રહ્યા છે ત્યારે ત્યારે જ મહાભારતના મંડાણ થયા છે.

મોટાભાઈ, રાજ્યમા આવી વારંવાર નારી સમ્માનને ઠેસ પહોચાડનારી શરમજનક અને કમનસીબ ધટનાઓનો કદાચ હુ પહેલો ભોગ ભલે ના બની હોવ પરંતુ હવે ભવિષ્યમા ગુજરાતની કોઈપણ અબળાની આબરુ દાવ પર ના મુકાય એવી અપેક્ષા સહ બનેલી ધટનામા જવાબદાર હોય તેવા કાયદાનુ ઉલ્લંધન કરનારા તમામ રક્ષકો ઉપર તત્કાળ આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરાવવા માટે દર્દભરી વિનંતી કરુ છુ. તેમ પત્રના અંતમાં જણાવેલ છે.

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા સામેના બોગસ લેટર કાંડમાં પાટીદાર યુવતી પાયલ ગોટીએ પોલીસે દમન ગુજાર્યાના આક્ષેપ કર્યા છે આ સાથે તેમણે કૌશિક વેકરીયાને પત્ર લખીને ન્યાયની માંગ કરી છે. આ પત્ર સોશ્યલ મીડિયામાં વાઈરલ કરવામાં આવ્યો હતો.

અમરેલીમાં બોગસ લેટરકાંડ મુદ્દે જેલમુક્તિ થયેલી પાયલ ગોટીએ વતન વિઠલપુરમાં રવિવારે પ્રેસ કોન્ફરન્સ યોજી આપવીતી જણાવી હતી. પાયલ ગોટીએ મીડીયા સમક્ષ જણાવ્યા પ્રમાણે શુક્રવારે તે નોકરીથી છુટીને આવી સૂઈ ગયા પછી કોઈએ આગળનો દરવાજો ખખડાવ્યો અને બે લેડીઝ અને ત્રણ જેન્ટસ પોલીસ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા.

જેનીબેન મને એક દીકરી તરીકે મદદ કરવા આવ્યા હતા. હું જેલમાં હતી એટલે તે મારા મમ્મી પપ્પાને સાચવવા આવ્યા હતા. મેં ગુનો કર્યો જ નથી હવે મારા ભવિષ્ય માટે ન્યાય મળે તે માટે મુખ્યમંત્રી અને ધારાસભ્ય કૌશિક વેકરીયાને વિનંતી છે કે ન્યાય અપાવે. મારી ઈજ્જત-આબરૂનો જે વરઘોડો કાઢયો છે. મને પોલીસે માર માર્યો છે.મને રાજકારણમાં કોઈ રસ નથી, યુવતીએ પત્રમાં લખ્યું છે કે ગુજરાતના ગામડે ગરીબ પરિવારમાં ઉછેરીને સ્વરોજગાર માટે સ્વાભિમાનભેર સંઘર્ષ કરનારી તમારી બહેનની ખુદરક્ષકો દ્વારા જ કાયદાનું ઉલ્લંઘન કરીને અડધી રાતે ધરપકડ કરવામાં આવે. રાજકીય કાવતરાનો ભોગ બનાવવામાં આવે. સાથીદારોને દંડા મારી, મને ભયભીત કરવામાં આવી. ડરાવી ધમકાવીને નિવેદનો લેવામાં આવે. મને બેસાડીને બેરહેમીથી પટ્ટા મારવામાં આવે. જેલના સળિયા પાછળ ધકેલી અને વિના વાંકે એક કુંવારી કન્યાનો જાહેરમાં વરઘોડો કાઢીને નારી શકિતના સ્વાભિમાનનું વસ્ત્રાહરણ કરનારી કમનસીબ ઘટનાથી ગરીમાની ભારે મોટી ઠેસ પહોંચી છે.

થોડા દિવસ પહેલા અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામે બનાવટી લેટર બનાવી સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યો હતો જેમાં કૌશિક વેકરીયાની બદનામ કરવા કેટલાક ભ્રષ્ટાચારના આક્ષેપો કરવા મુદે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ચાર આરોપીમાં એક પાયલ ગોટીનો પણ સમાવેશ થયો હતો. પાયલ હાલ જામીન પર મુકત થઈ છે.

### મહેસાણા જિલ્લામાં ૬૭૬૨ મહિલાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની પ્રસુતિ સારવાર કરવામાં આવી

# ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ વર્ષ ૨૦૨૪ દરમિયાન કુલ ૨૬૧૭૧ લોકોને સારવાર પૂરી પાડી

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

આપત્તિ સમયની સાંકળ એટલે ૧૦૮... ૧૦૮એ આંકડો નહીં પણ આપત્તિ ગ્રસ્ત અને આપત્તિ કાળ સ્થિતિમાં તત્કાળ મળતી સેવા છે. મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ વર્ષ ૨૦૨૪ની સેવા જોઈએ તો

મહેસાણા જિલ્લામાં ૨૦ એમ્બ્યુલન્સ ૧૦૫ મેન પાવર અને જીવન રક્ષાના તબીબી સાધનો સાથે સજ્જ હોય છે. તબીબી સાધનો સાથે સેવા માટે સજ્જ ૨૪ કલાક સક્રિય સેવા આપી રહી છે. જિલ્લામાં ૧૦૮




એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪ માં ૨૬૧૭૧ જેટલા દર્દીઓને સમયસર સારવાર કરી નોંધનીય કામગીરી કરી છે.જ્યારે તેના અંતર્ગત જચ્ચા બચ્ચા માટે ખીલખીલાટ દસ વાન મહેસાણામાં જિલ્લામાં સક્રિય છે. જે સવારે ૮:૦૦ થી રાતના આઠ વાગ્યા સુધી સગર્ભા માતા અને જચ્ચા બચ્ચા માટે ખીલખીલાટ કરી દોડી રહી છે .વાત કરીએ ૧૦૮ની તો મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪માં ૨૬૧૭૧ દર્દીઓને સારવાર આપીને નોંધનીય કામગીરી કરી રહી છે. ૧૦૮ એ હરતા ફરતા પ્રસુતિગૃહની ગરજ સારે છે.૨૦૨૪માં ૬૭૬૨ મહિલાઓને પ્રસુતિ સારવાર કરવામાં આવી છે. પેટમાં દુખાવાના ૨૩૬૦, એલર્જીના ૭૯, વર્તણુક સમસ્યાના ૩૯, શ્વસન સમસ્યાના ૨૨૬૮, કાર્ડિયાકના ૧૩૮૯ , આંચકી ના ૭૮૯ ,કોવીડ ના ૫ , ડાયાબિટીસ સમસ્યાના ૪૩૬ ,એન્વાયરમેન્ટના ૧૬ , હાઈ ફીવરના ૭૨૧ , માર્ગ અકસ્માતના ૨૩, ઝેરી જીવજંતુ કરડવાના ૪૭૦ , ગંભીર તીવ્ર કુપોષણના ૯ , માથાના દુખાવાના ૨૫૫ , સ્ટોકના ૧૯૫ , ટ્રોમા નોન વ્હીકલ ૩૨૬૦, તેમજ ટ્રોમા વ્હીકલ ઈજાના ૪૬૭૩ જ્યારે અજાણી સમસ્યાઓના ૨૪૨૨ થઈને કુલ ૨૬૧૭૧ દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી હતી એમ ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર જયેશભાઈ કરેના દ્વારા જણાવેલ છે એમ અખબારી યાદીમાં મહેસાણાના સુપરવાઈઝર નિખીલ બોકડે એ જણાવેલ છે.

## ગ્રહોનો રાજ આપની આજ




**મેષઃ**આજે કોઈ કારણસર તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ થઈ શકો છો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે.

**વૃષભઃ**આજનો દિવસ તમારા માટે સંપૂર્ણ અનુકૂળ હોવાથી તમને લાભ મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નો ફળદાયી રહેશે. રાજકીય સહયોગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહો. તમારી વાણી પર સંયમ રાખો.

**મિથુનઃ**આજે તમારે ખર્ચની દ્રષ્ટિએ થોડું ધ્યાન રાખવાની જરૂર છે. જો તમે બિનજરૂરી ખર્ચોને ટાળો છો તો પછી ફક્ત તમને ભવિષ્યમાં ફાયદો થશે. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો, તો આજે પીડામાં વધારો થઈ શકે છે.

**કર્કઃ**આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા અપાવશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ખાવાની ટેવમાં ધૈર્ય રાખો.

**સિંહઃ**આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આજે તમને કાર્યસ્થળમાં થોડી મુશ્કેલી અનુભવાઈ શકે છે. એકસાથે અનેક પ્રકારના કાર્યો હાથમાં લઈ શકો છો. એક પછી એક બધા કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે મુશ્કેલ દિવસ છે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે અથવા વ્યવસાયના ક્ષેત્રમાં ઉદ્યોગપતિઓ સાથે અણબનાવ થઈ શકે છે.

**તુલાઃ**આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આ સમયે તમારા જીવનમાં ઘણા પરિવર્તન આવે છે. આજે પરિવારના સભ્યો પણ ક્યારેક તમારા વિશે મૂંઝવણમાં મૂકાઈ શકે છે.

**વૃશ્ચિકઃ**પૈસાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ ફળદાયક બનવાનો છે. અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારી સ્થિતિમાં સુધારો થઈ શકે છે. આ દિવસે તમને વ્યાવસાયિક યોજનાઓમાં લાભ મળશે અને દરેક કાર્યમાં વેગ મળશે.

**ધનુઃ**આજે કેટલાક લોકો તમારા કામમાં અડચણ ઊભી કરી શકે છે અથવા એવું પણ થઈ શકે છે કે કોઈ કારણસર અથવા અન્યના કારણે તમે તમારા લક્ષ્યથી પાછળ હટી શકો છો.

**મકરઃ**આજે ભાગ્યનો સાથ મળી રહ્યો છે અને તમામ કાર્ય સરળતાથી આરામથી થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. આ દિવસે તમે ધાર્મિક કાર્યોથી સંબંધિત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો.

**કુંભઃ**આજનો દિવસ વ્યસ્ત રહેશે. આજે તમે આવી યોજના બનાવી શકો છો જેને તમારી બહાદુરી અને પ્રયત્નોની જરૂર પડશે. પરિવારજનો અને મિત્રોનો સહયોગ ચાલુ રહેશે.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે ખૂબ શુભ દિવસ છે. પરિવારમાં સુખ અને સમૃદ્ધિ મળશે અને તમને નોકરીમાં સફળતા મળશે. આજે તમારા રાજકીય હરીફો તમને પછાડવા પ્રયત્ન કરશે.

## ફિલ્મી ગપશપ

# 'પુષ્પા ઝૂકેગા નહીં..: ૩૨માં દિવસે પણ અણનમ રહી ઈતિહાસ રચ્યોઃ ૧૨૦૦ કરોડની કમાણી કરી

**'પુષ્પા - ૨'એ 'બાહુબલી' ને ચિત કરી : 'પુષ્પા'ને હિન્દી બેલ્ટમાં સૌથી વધુ પ્રેમ મળ્યો : ૯૦૦ કરોડની કમાણી**



મુંબઈ તા.૬

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ ધ રૂલ કમાણીના મામલામાં દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. તે જ સમયે, આજની કમાણી સાથે ફિલ્મે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. રવિવારે સિનેમાઘરોમાં ફિલ્મનો ૩૨મો દિવસ હતો. ફિલ્મ પાંચમા વીકેન્ડ પર પણ સારી કમાણી કરી રહી છે.

આજે થિયેટરોમાં પુષ્પા ૨ ધ રૂલનો પાંચમો રવિવાર હતો. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી છે. પ્રારંભિક આંકડાઓ અનુસાર, તેણે ૬.૫૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. પાછલા દિવસની કમાણીની સરખામણીએ રવિવારે ફિલ્મે કમાણી કરી છે. પાંચમા શનિવારે ફિલ્મે ૫.૫ કરોડની કમાણી કરી હતી.

ફિલ્મની કુલ કમાણીની વાત કરીએ તો અત્યાર સુધીમાં પુષ્પા ૨એ બોક્સ ઓફિસ પર ૧૨૦૫.૫૧ કરોડ રૂપિયાનું કલેક્શન કરી ચૂકી છે. ફિલ્મે પાંચમા સપ્તાહમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. આ ફિલ્મ ૧૨૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ ગઈ છે. ૧૨૦૦ કરોડની કમાણી કરનારી તે પ્રથમ ભારતીય ફિલ્મ બની છે.


પુષ્પા-૨ હવે ૧૨૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે. આ ફિલ્મ 'બાહુબલી ૨'ને પાછળ છોડીને ભારતની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. પુષ્પા ૨ ધ રૂલને હિન્દી બેલ્ટમાં દર્શકો તરફથી સૌથી વધુ પ્રેમ મળી રહ્યો છે.

તેથી જ ફિલ્મે હિન્દી વર્ઝનમાં સૌથી વધુ કમાણી કરી છે. આ ફિલ્મ હિન્દી બેલ્ટમાં ૮૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈને રેકોર્ડ બનાવી ચૂકી છે. તે જ સમયે, હવે આ ફિલ્મ હિન્દી સંસ્કરણમાં ૯૦૦ કરોડની કમાણી તરફ આગળ વધી છે.

## દક્ષિણ ભારતમાં પ્રથમ કેસ નોંધાતા જ તમામ રાજ્યોને એડવાઇઝરી ઇસ્યુ કરતું કેન્દ્ર

# HMPV વાયરસ સામે ગુજરાત સરકાર પણ એલર્ટ : કોવિડ માફક માર્ગરેખા જાહેર કરી

**રાજ્યમાં જો કે હજુ એક પણ કેસ નોંધાયો નથી : પરંતુ સાવચેત રહેવા લોકોને અપીલ : શરદી - ઉધરસ હોય તેવા લોકોએ જાહેર સ્થળોએ જવાનું ટાળવા સલાહ : ભીડ ભાડવાળા સ્થળોથી દૂર રહેવાની સાવચેતી જરૂરી આંખ-નાક કે મોઢાને સ્પર્શતા સમયે સ્વચ્છ રૂમાલનો ઉપયોગ કરવોઃ શ્વાસને લગતા લક્ષણો દેખાય તો તૂર્ત જ તબીબી સારવાર લેવી**



(ગરવી તાકાત) અમદાવાદ તા.૬

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે **HMPV** વાયરસને લઈ ખાસ માર્ગદર્શિકા બહાર પાડી જેમાં જરૂરી સૂચનો પણ આપ્યા છે,આરોગ્ય વિભાગના નિષ્ણાંતોનું કહેવું છે કે, **HMPV** અન્ય શ્વસન જેવો વાયરસ છે અને હાલમાં ગુજરાતમા તેનો એક પણ કેસ નોંધાયો નથી.

ભારતમાં આજે જ **HMPV** વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો છે. ચીનમાં ફેલાયેલા માનવ મેટા ન્યૂમો વાયરસને લઈને ગુજરાત સરકાર એલર્ટ થઈ ગઈ છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આજે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ વાયરસ વૃદ્ધો અને બાળકોમાં ઝડપી ફેલાય છે. વાયરસગ્રસ્ત લોકોમાં સામાન્ય શરદી અને ફલુના લક્ષણો જોવા મળે છે.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે **HMPV** વાયરસને લઈ ખાસ માર્ગદર્શિકા બહાર પાડી જેમાં જરૂરી સૂચનો પણ આપ્યા છે,આરોગ્ય વિભાગના નિષ્ણાંતોનું કહેવું છે કે,**HMPV** અન્ય શ્વસન જેવો વાયરસ છે અને હાલમાં ગુજરાતમા તેનો એક પણ કેસ નોંધાયો નથી. બાળકો અને વૃદ્ધોએ સૌથી વધારે સચેત રહેવાની જરૂર છે.સામાન્ય શરદી અને ફ્લૂ જેવા લક્ષણો આ વાયરસમાં જોવા મળે છે.

સાથે સાથે આવશ્યક ન હોય તો આંખ-નાક-કાનનો સ્પર્શ ન કરવો જોઈએ તેમજ શરદી-ઉધરસ હોય તો જાહેર સ્થળોએ જવાનું ટાળવું જોઈએ અને પ્રબળ રોગ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી જોઈએ તેમજ વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ અને ચેપગ્રસ્ત વ્યક્તિની ચીજવસ્તુઓના સંપર્કમાં આવવું ના જોઈએ તેવી સલાહ આપવામાં આવી છે.

### શ્વસનને લગતાં ચેપી રોગોના રક્ષણ માટે શું કરવું જોઈએ?

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત લોકોથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશનવાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું
- બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

### શું ના કરવું જોઈએ?

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપગ્રસ્ત વ્યક્તિએ ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું. લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.
- ગભરાશો નહિ, સાવચેતી એજ સલામતી હોઈ આ માર્ગદર્શિકાનું અવશ્ય પાલન કરવું.

## તમામ અદાલતોને ટેકનોલોજીથી સજ્જ બનાવાશે

# હવે જીલ્લા કોર્ટની કામગીરીનું પણ 'લાઈવ પ્રસારણ' કરાશે



**તાલીમથી તમામ મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે, જેથી અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તૈયાર થઈ શકશે**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૬

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજયના તમામ મદદનીશ સરકારી વકીલો (આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર્સ) માટે રવિવારે યોજાયેલા એક દિવસીય તાલીમ શિબિરના ઉદઘાટન પ્રસંગે કાયદામંત્રી ઋષિકેશ પટેલે સંકેત આપ્યો હતો કે, ગુજરાતમાં ન્યાય પ્રણાલીને વધુ પારદર્શી બનાવવા માટે હાઈકોર્ટ બાદ તમામ જિલ્લા કોર્ટને પણ ટેકનોલોજીથી સુસજ્જ કરાશે. એના પછી હાઈકોર્ટની જેમ તેની પણ કાર્યવાહીનું જીવંત પ્રસારણ શકય બનશે.

કાયદા વિભાગ અને ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસીક્યુશન કચેરી યોજીત તાલીમ કાર્યક્રમમાં કાયદામંત્રીના હસ્તે તમામ આસી. પ્રોસીકયુટર્સને લેપટોપ આપવામાં આવ્યા હતા.


આ પ્રસંગે ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વકીલનું પ્રોફેશન એ સમાજનું એક અમૂલ્ય ઘરેણું છે, જે નિર્દોષને ન્યાય અને દોષીને યોગ્ય સજા અપાવીને એક સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ગુજરાતના નાગરિકોનો લોકશાહી અને ન્યાય પ્રણાલી પર વિશ્વાસ વધુ દ્રઢ બને તે માટે એક નવતર પ્રયાસના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટમાં થતા ટ્રાયલ કે સુનાવણીને ટેકનોલોજીના માધ્યમથી લાઈવ અને પારદર્શી બનાવવામાં આવી છે.આગામી સમયમાં ગુજરાતની તમામ જિલ્લા કોર્ટમાં પણ ટેકનોલોજીના સુયોગ્ય ઉપયોગથી આ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રાચીન સમયમાં ભારતના નાગરિકોમાં કાયદો આત્મસાત હતો.

બ્રિટીશરો ભારતમાં આવ્યા બાદ તેમણે તેમની અનુકુળતા મુજબના ફોજદારી કાયદાઓ અમલમાં મુકયા હતા. ભારતની આઝાદીના ૭૫ વર્ષ સુધી આ કાયદાઓ અમલમાં રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહના દિશાનિર્દેશ હેઠળ ભારતમાં લોકશાહીના રક્ષણ કરવા નવા ત્રણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ કાયદા અમલમાં મુકાયા છે.આજની તાલીમથી તમામ મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે, જેથી અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તૈયાર થઈ શકશે.

# વખત પાપ પણ થઈ જાય છે.એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.આજે ગુજરાતમાં બે ત્રણ જગ્યાએ મંદિરના મહંત બાબતે વિવાદ ચાલી રહ્યો છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે. મરણ પથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તજન પણ મને કંઈ મળશે એવી ઈચ્છાથી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહ્યાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાય છે. જાણે છે કે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રી-પુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમદૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે. અંતકાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પૂણ્ય કદી કર્યું નહીં. આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે જે પ્રાણને સ્થિર કરે છે તેને કરી શકતા નથી.મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર,તેમ અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે.યમદૂતો જીવાત્માને સૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાયછે.અતિપાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે.ચિત્ર ગુપ્ત જીવાત્માએ કરેલાં પાપ પુણ્ય જીવાત્માને દરબારમાં સંભળાવે છે.ચૌદ સાક્ષીઓસાક્ષી આપે છે. પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે.પૃથ્વી,ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે.પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ-પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્ય લોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મ મરણનું દુઃખ ભોગવે છે.

ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે,પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે.

વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી.ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો.મહાત્માને દયા આવી.ઉંદરને કહ્યું,તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે.કહે,મને બિલાડી બનાવીદો મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી.એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડયો.ત્યારે બિલાડીએ કહ્યું,મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો.એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે, મહારાજ મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસકવૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉંદર- બિલાડી ની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે,હું ઈશ્વર માં માનતો નથી.ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હે! પણ ભગવાન કહે છે કે,યાદ રાખ. હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ.આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે.

પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે.દસ દિવસ પંજ ચૂંટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથ-પગ,ત્રણ મહિતાયો તમવાળ ચાર મહિનામાં સાત ધાતુ,પાંચ મહિનામાં ભૂખ-તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના હેમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે. તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્ચ્છાં પામે છે. વળી માતાએ ખાધેલા તીખા, ઊના ખારા,ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે. આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈપણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. તે ગર્ભમાં પ્રભુની સ્મૃતિ કરે છે, નાથ, મને બહાર કાઢો. ગર્ભવાસ અને નર્કવાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ,ભક્તિ કરીશ. ગર્ભમાં જીવ ભગવાન આગળ મને પ્રતિજ્ઞાઓ કરે છે.પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વ જન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભુલી જાય છે.બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે.

જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે. આ બંને દુઃખ સરખા છે. આ દુઃખોનો અંત આવતો શ્રી જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી.જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે છે.તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.આ રીતે અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે.હજી ક્યાં સુધી ભટકવું છે? તારા મનને રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. જાતના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર.પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મ મરણના આગમતીર્થમાં પધાર્યા આજ પણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠયા,ને કલકત્તા પાસે ગંગાસાગરના વાગત સમુદ્રે કર્યું છે.માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે સ્નાન કરે છે, ધ્યાન કરે કે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહુતિને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃ ગયા કહે છે. આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપોનો નાશ થાય છે.

સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે,પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે.એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે,પણ એનીહયાતી માં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો.એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડીને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે.તુકારામ મહારાજ ના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્ની ના દુઃખને દૂર કરવા માટે. જયારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા.સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુઃખી થતાં નથી. તેઓ માનઅપમાનને પી જાય છે.કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવેલી જ છે.મહા કિંમતી દવા છે.હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે.બાજુ માં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે.

વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ. ત્યારે ઠંડીના પુનઃ આગમન સાથે ચિંતન મનન પોષનું કરશો તેવી આશા સહ અસ્તુ.

## પાટીદાર સમાજ, રબારી સમાજ બાદ હવે ચૌધરી સમાજમાં પણ કુરિવાજો દૂર કરવા માટે મહિલાઓએ પહેલ કરી છે

# મહેસાણામાં યોજાયેલા સંમેલનમાં મહિલાઓએ કેટલાક કુરિવાજોને ત્યજી દેવા અંગે નિર્ણયો લીધા : કુરિવાજો દૂર કરવા કમર કસી

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

લગ્ન પ્રસંગો અને મરણ પ્રસંગોમાં ઘૂસી રહેલા દૂષણોને પગલે હવે લોકોને મોંઘવારી પ્રસંગો કરવા મુશ્કેલ બની રહ્યાં છે. કુરિવાજોમાં માતાપિતા ભીંસાતા જાય છે. આવામાં હવે ગુજરાતનો ચૌધરી સમાજ આગળ આવ્યો છે. મહેસાણા ખાતે બારગોળ ચૌધરી સમાજનું મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા.




સમાજમાં વિવિધ પ્રકારના સુધારા લાવવા મહિલા સંમેલન યોજાયું હતું. સમાજમાંથી કુરિવાજો દૂર કરવા મહિલાઓએ આહવાન કર્યું છે. કુરિવાજો ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવા મહિલાઓએ કમર કસી છે. આ સંમેલનમાં લવ જેહાદ જેવા અતિ ગંભીર મુદ્દાઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. સમાજની મહિલા અગ્રણીઓએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા અને સુધારો લાવવા આહવાન કર્યું.

મહેસાણા જિલ્લામાં ચૌધરી સમાજ ખૂબ જ મોટા પ્રમાણ છે અને સમાજના વિવિધ ગોળમાંથી બાર ગોળ સમાજ દ્વારા મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. મહેસાણા દૂધ સાગર ડેરી હોલ ખાતે સમાજમાં જાગૃતિ લાવવા અને સમાજમાં રહેલા કુરિવાજો દૂર કરવા બારગોળ ચૌધરી સમાજનું મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. અન્ય સમાજની જેમ ચૌધરી સમાજમાં અનેક પ્રશ્નો સતાવી રહ્યા છે અને તે પ્રશ્નોને વાચા આપવા અને અયોગ્ય કાર્યો બંધ કરવા મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું.

આ બારગોળ ચૌધરી સમાજના મહિલા સંમેલનમાં કુરિવાજો બંધ કરવા, સામાજિક સમરસતા જાળવવા, શૈક્ષણિક પ્રગતિ સાધવા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધાનો ભેદ જાણવા, લગ્ન બ્યુરો અને લવ જેહાદ જેવા અતિ ગંભીર પ્રશ્ને જાગૃતિ લાવવાના આશયથી મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. સમાજમાં તમામ પ્રકારની જાગૃતિ અને કુરિવાજો મુદ્દે આયોજિત સંમેલનમાં દરેક જાણકારી ધરાવતી મહિલાઓએ પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા અને સમય પ્રમાણે સમાજમાં સુધારો-જાગૃતિ લાવવા આહવાન કર્યું હતું.

## બનાસકાંઠામાં વર્ષ ૨૦૨૪માં લાંચ રૂશ્વતના ૧૫ ગુના નોંધાયા

# ત્રણ મહિલા અને ૨૫ પુરુષ મળી ૨૮ ઝડપાયા, ૨.૯૮ લાખથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી

(ગરવી તાકાત) પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સરકારી કચેરીઓમાં દામમાં બદલે કામ થતા હોય તેમ વર્ષ ૨૦૨૪ માં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા લાંચ રૂશ્વત ના પંદર કેસો નોંધાયા હતા જેમાં ૨૮ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આ લાંચિયા કર્મચારીઓ પાસેથી રૂ.૨,૯૮,૮૦૦ ની લાંચની રકમ પણ જપ્ત કરાઈ હતી જોકે લાંચ લેવામાં ૩ મહિલા,વર્ગ એક અને બેના અધિકારીઓ,વર્ગ ત્રણના કર્મચારી અને પ્રજાજનો પણ સામેલ હતા.



સરહદી બનાસકાંઠા જિલ્લામા ભલી ભોળી પ્રજા વિવિધ સરકારી કચેરીઓમાં પોતાના કામો કરાવવા માટે અધિકારી તેમજ કર્મચારી માંગે તેટલા પૈસા આપતી હોય મોટા ભાગની કચેરીઓમાં કામમાં બદલે દામ ની પ્રથા ચાલતી હોય તેમ છાછવારે લાંચ રૂશ્વતના કેસો નોંધાય રહ્યા છે તેમજ છતાં લાંચ લેવાની પદ્ધતિ બંધ થવાને બદલે વધી રહી છે જેમાં વર્ષ ૨૦૨૩ માં એસીબીના નવ કેસ નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૪ માં વધી જે લાંચ રૂશ્વતના કેસ ૧૫ માં ૨૮ આરોપી સામે કેસો દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ૨૫ પુરુષ અને ૩ મહિલાનો સમાવેશ થાય છે અને આ લાંચિયાઓ કર્મીઓ પાસેથી એસીબીએ કુલ રૂ. ૨,૯૮,૮૦૦ ની લાંચની રોકડ પણ જપ્ત કરી છે.

## બનાસ મેડિકલ કોલેજ મોરિયા દ્વારા

# મલાણામાં જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન : ૩૫૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રયોગાત્મક ડેમોનો લાભ લીધો

બનાસકાંઠા જિલ્લાની મોરિયા ખાતે આવેલી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજના ચેરમેન પી.જે. ચૌધરી માર્ગદર્શન હેઠળ અને કોમ્યુનિટી મેડિસિન વિભાગના વડા ડૉ. પુષ્ટિ વાછાણીના સહયોગથી પાલનપુર તાલુકાના માલણા ગામમાં આવેલી વિનય મંદિર ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ઈમર્જન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ વિશે શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.



જેમાં મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસિન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રાજન પરમારના માર્ગદર્શન હેઠળ ઈન્ટર્ન ડોકટરો અને ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી કર્મચારી મુકેશભાઈ જોષીએ પ્રાયોગિક પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓને તત્કાલીન પ્રાથમિક સારવારની પદ્ધતિઓ અને મહત્વના હેલ્પલાઈન નંબર વિશે માહિતી આપી હતી જેમાં શાળાના કુલ ૩૫૨ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈ પ્રયોગાત્મક ડેમોનો લાભ લીધો હતો.

જોકે શાળાના આચાર્ય અમિતભાઈ વ્યાસએ પોતાના વક્તવ્ય દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓને રાજ્યના આરોગ્ય ક્ષેત્ર માટે વરદાન રૂપ ગણાવી અને તેમની ૧૭ વર્ષથી અવિરત સેવા માટે પ્રશંસા વ્યક્ત કરી.આ કાર્યક્રમનું સફળ આયોજન મેડિકલ કોલેજના સ્જીઉ હીનાબેન પટેલ અને રોહિતભાઈ મકવાણાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચિત્રાસણીના સહયોગથી કર્યું હતું. આ અનોખી પહેલ મેડિકલ કોલેજ અને શાળા વચ્ચે એક મજબૂત સહયોગના ઉદાહરણ રૂપે સામે આવી છે.

## કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી દુગાવાડા ખાતે આવેલ

# ભારત ઉપવનમાં મોતિયાના મફત ઓપરેશનના યોજાયેલ કેમ્પમાં ૩૨૫ દર્દીઓએ લાભ લીધો



(ગરવી તાકાત) કાંકરેજ તા.૬

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કુંવારવા ના વતની અને હાલમાં પાટણ ખાતે સ્થાયી થયેલા અને કાંકરેજ તાલુકાના શિહોરી દુગાવાડા ખાતે ભારત ઉપવન અને એમ એસ બ્રધર્સ પેઢીના માલિક મહેન્દ્રભાઈ જોષી અને સુરેશભાઈ જોષી દ્વારા એમના માતાપિતા ભીખાબાપા અને માતૃશ્રી આનંદીબા ના સ્મરણાર્થે મફત મોતિયા અને ઓપરેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચા પાણી નાસ્તા સાથે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ૩૨૫ દર્દીઓ એ અને ઉપસ્થિત મહાનુભવો એ પણ ભોજનનો લાભ લીધો હતો જેમાં જલારામ મંદિર થરા દ્વારા મહેન્દ્રભાઈ જોષી અને સુરેશભાઈ જોષી ને જલારામ બાપાની ફોટો પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યું હતું અને એક લક્ઝરી બસ મોતિયાના ઓપરેશન કરવવા માટે રવાના કરવામાં આવી હતી.

## બનાસકાંઠા જિલ્લામાંથી થરાદને અલગ જિલ્લો જાહેર થતાં સરહદી પંથકના લોકોમાં આનંદ

# જિલ્લો જાહેર થતાં વિધાનસભા અધ્યક્ષનું ભવ્ય સ્વાગત; પ્રાચીન નૃત્ય મેરાયા સાથે ભવ્ય રેલીનું આયોજન કરાયું

(ગરવી તાકાત) થરાદ તા.૬

થરાદને સરકાર દ્વારા જિલ્લાનો દરજ્જો આપવામાં આવ્યો, જેના બાદ થરાદના ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પ્રથમ વખત થરાદ ખાતે આવતાં ચાર રસ્તા પર ભવ્ય રેલી યોજી અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં આજુબાજુના તાલુકાના લોકો સહિત આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



બનાસકાંઠા જિલ્લામાંથી થરાદને અલગ જિલ્લો જાહેર થતાં સરહદી પંથકના લોકોમાં આનંદ જોવા મળી રહ્યો છે. જેને લઈને લોકોએ સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આજરોજ જિલ્લો જાહેર થયાં બાદ વિધાનસભા અધ્યક્ષ પ્રથમ વખત થરાદ આવી રહ્યા છે. ત્યારે પંથકના લોકોએ અભિવાદન કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું. જેમાં થરાદ ચાર રસ્તા પાસે જીસીબી મશીન દ્વારા ફૂલ વર્ષા કરવામાં આવી હતી. જેના બાદ પ્રાચીન નૃત્ય મેરાયા સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે થરાદના ચાર રસ્તા પાસેથી સરકારી હોસ્પિટલ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેના બાદ અભિવાદન સમારોહ રાખવામાં આવ્યો હતો. જ્યાં બનાસકાંઠા પૂર્વ સાંસદ પરબત પટેલ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી સહિતના ભાજપના આગેવાનો અને નગરના આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.બનાસકાંઠા જિલ્લામાંથી થરાદને અલગ જિલ્લો આપવામાં આવે એવી વર્ષોથી સરકાર સમક્ષ માગો કરવામાં આવી હતી. જેમાં પૂર્વ સાંસદ પરબત પટેલ સહિતના રાજકીય આગેવાનો દ્વારા સરકાર સમક્ષ જિલ્લા માટે માગ કરતાં અને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના પ્રયાસો થકી થરાદને જિલ્લો જાહેર કરતાં લોકોએ રાજકીય આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આનંદ ઉત્સાહ જોવા મળ્યો હતો.વાવ અને થરાદ એ વર્ષો પુરાણા રાજવી સ્ટેટ હતા. આંતરરાષ્ટ્રીય સરહદી સીમા ધરાવતા વાવ થરાદને જિલ્લાનો દરજ્જો મળતાં દેશની સુરક્ષા વધુ મજબૂત બની રહેશે. જેમાં સરહદી પંથકની જનતાને સુરક્ષા અને સલામતીનું મજબૂત કવચ મળી રહેશે. આમ વર્ષોથી સરહદી વાવ-થરાદ તાલુકાની જનતાને છેક સરહદી જલોયા-માવસરીથી જિલ્લા મથક પાલનપુરનું ૧૫૦ કિ.મી.ના અંતરે સરકારી કામકાજ અર્થે જવું પડતું હતું, તેમ છતાં પણ આ સરહદી પંથકની જનતાએ કોઈપણ જાતનો અણગમો વ્યક્ત નથી કર્યો. ત્યારે વાવ-થરાદના લોકોના સંપર્કમાં શંકરભાઈ ચૌધરી આવ્યા ત્યારથી સરહદી પંથક વાવ-થરાદનો વહીવટ અને વિકાસ ભારે વેગીલો બની ચુક્યો છે.સરહદી સીમાડે આવેલા ઝીરો પોઈન્ટ અને નડાબેટનો નજારો જોતાં વાઘા બોર્ડર યાદ આવી જાય છે. જેમાં સરહદ પર ફિનિશિગ તારની વાડ દેશ માટે સલામતી અને સુરક્ષા પુરી પાડે છે. જ્યાં નર્મદાની નહેર એક સરહદી વાવ અને થરાદ માટે સૂકા રણમાં મીઠી વીરડી બની ચુકી છે. જ્યારે વર્ષ ૨૦૨૫ના પ્રથમ દિવસે વાવ થરાદ રાજ્યનો ૩૪મો જિલ્લો બનતાં આંતરરાજ્ય સરહદોની સુરક્ષા વધી જશે. આ સિવાય જિલ્લાનો દરજ્જો મળતાં વાવ થરાદ જિલ્લાને જિલ્લા પોલીસવડાની કચેરી સહિત તમામ પોલીસ શાખાના અધિકારીઓ મળી રહેતા બોર્ડર પર ચાલતી ગેરકાનૂની પ્રવૃત્તિઓ ઉપર રોક લાગી જશે, જેથી દેશની સલામતી મજબૂત બની રહેશે.

# વિસનગરની પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરીમાં યોજાયેલ વિવિધ સ્પર્ધામાં બાળકોએ પોતાની શક્તિ પ્રદર્શિત કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

વિસનગરની ૧૪૬ વર્ષ જુની પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરી તેમજ મોદી માણેકલાલ વ્રિજલાલ બાલ પુસ્તકાલય ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે તા. ૨૬-૨૭ ડિસેમ્બર ૨૦૨૪ એમ બે દિવસ ધો. ૧ થી ૧૨ સુધીની જુદી જુદી કક્ષાના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ‘શોર્યગીત’, ‘તત્કાલ ચિત્ર સ્પર્ધા’ ‘વકતૃત્વ સ્પર્ધા’, ‘કાવ્યગાન’ તેમજ બહેનો માટે ઓપન વિભાગમાં ‘ફ્રુટ સુશોભન’ તથા ‘એક મિનિટ સ્પર્ધા’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં




શહેરની ઘણી શાળાઓના ૯૦ બાળકો તેમજ ૪૦ બહેનોએ ભાગ લઈ પોતાની આંતરિક શક્તિઓને પ્રદર્શિત કરી હતી.

તા. ૨૭-૧૨-૨૦૨૪ના રોજ વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ મુખ્ય મહેમાન માય ન્યુ ઈન્ડીયા ટ્રસ્ટના શ્રી કમલેશભાઈ વૈદ્ય, સંસથાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ ચોધરી, ઉપપ્રમુખશ્રી ડૉ. રાજુજી પરમાર, મંત્રીશ્રી ખોડાભાઈ પટેલ, કારોબારી સભ્યશ્રી નીતિનભાઈ પ્રધાનના હસ્તે કરવામાં આવ્યું હતું. બે દિવસના વિવિધ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે શ્રી કલ્પનાબેન જોષી, શ્રી રત્નાબેન જોષી, શ્રી હેમંતભાઈ પ્રધાન, શ્રી પન્નાબેન મણિયાર, શ્રી છાયાબેન ભાવસાને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ આ વૃષે શેઠશ્રી હરિચંદ મંછારામ તિજોરીવાળા તરફથી સ્પૃધાનો સમગ્ર ખર્ચ ટ્રસ્ટીશ્રી અશ્વિનભાઈ પંચાલ તરફથી આપવામાં આવેલ છે.

તથા બેદિવસ બાળકોને આશ્વાસન ઈનામ અખિલ હિન્દ મહિલા પરિષદ વિસનગર શાખા તરફથી આપવામાં આવેલ. દરેક સ્પર્ધાના પ્રથમ વિજેતાને ઈનામ શ્રી રાજેન્દ્ર આર. પરીખ તરફથી આપવામાં આવેલ. ગ્રંથપાલરી પ્રતિમાબેન દરજી તેમજ બધાજ કર્મચારીઓએ આ બન્ને દિવસના સાંસ્કૃતી કાર્યક્રમની સફળતા માટે સારી મહેનત કરી હતી. બધા જ સ્પર્ધકોને અભિનંદન અને ધન્યાવાદ.

# સંક્ષિપ્ત સમાચાર

## વિજયનગર તાલુકા મથકે નવિન ST ડેપો અત્યંત આધુનિક બનાવવા નાણા વિભાગમાં રજુઆત કરાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

વિજયનગર તાલુકાનું મંજુર થયેલોં જી ડેપો અધ્યતન આધુનિક સુવિધા વાળો બને તે માટે વર્ષ ૨૫/૨૬ નાણાકીય વર્ષમાં નવા ભંડોળ ફંડ ફાળવવા બાબતે સર્વ પક્ષી જી ડેપો સમિતિ ના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ દ્વારા ફાઈનાન્સ મિનિસ્ટર નાણાં વિભાગમાં લેખિત રજુઆત કરાઈ છે

પૂર્વ ભાજપ મહામંત્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાત રાજ્યના છેવાડે રાજસ્થાનને અડીને આવેલો વિજયનગર તાલુકમા આઝાદી ચળવળમાં ૧૨૦૦ વીરો વીરગતીએ પામ્યાછે જે શહીદ વીરોની યાદમાં પાલ ખાતે વીરાંજલિ વન અને પોળો જેવા ઐતિહાસિક સ્થળો આવેલાછે જેથી આ તાલુકા મથકે પ્રયટકોનો ઘસારો પણ વધુ છે જેથી જી ડેપોનું બાંધકામ અત્યંત આધુનિક સુવિધા ધરાવતુ અને ઝડપથી બને અને નાણાં અભાવે કામમાં રુકાવટ ન આવે તે હેતુ રાજ્ય સરકારના નાણાં વિભાગને આ તાલુકામાટે નવા વર્ષની ફંડની ગ્રાન્ટ વધુ ફાળવવા માટે રજુઆત કરવા આવી છે ત્યારે બીજી બાજુ થી આઝાદના ૭૫ વર્ષ બાદ જી ડેપો મંજુર થતા તાલુકાની જનતામાં આનંદનું મોજું ફરી વળ્યુંછે.

## ખેલ મહાકુંભ અંતર્ગત વિસનગર તાલુકા કક્ષાની ભાઈ-બહેનોની ખો-ખો સ્પર્ધા યોજાઈ



(ગરવી તાકાત) મહેસાણા તા.૬

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વિસનગર તાલુકા કક્ષાની ભાઈઓ બહેનોની ખો ખો ની સ્પર્ધા જી.ડી.હાઈ સ્કુલ વિસનગર ખાતે યોજવામાં આવી હતી.જેમાં ભાઈઓની ૨૫ તેમજ બહેનોની ૨૪ ટીમોએ ભાગ લીધો .આ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે વિસનગર નગરપાલિકાના પ્રમુખ શ્રી ઉત્તમભાઈ પટેલ ચીફ ઓફિસર શ્રી પાર્થ ત્રિવેદી શાળા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મનોજભાઈ બારોટ તેમજ શાળાના આચાર્ય શ્રી કે.કે મહેતા સાહેબે હાજરી આપી અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા .તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવનારને ૧૦૦૦ દ્વિતીય નંબર મેળવનારને ૭૦૦ તેમજ તૃતીય નંબર મેળવનારને ૫૦૦રૂપિયાનો રોકડ પુરસ્કાર સરકાર તરફથી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં આપવામાં આવે છે .

## વિસનગર નૂતન સર્વ વિદ્યાલય ખાતે સ્વામી વિવેકાનંદના જીવન ચારિત્ર્ય ઉપર વકૃત્વ સ્પર્ધા



(ગરવી તાકાત) મહેસાણા તા.૬

મહેસાણા જિલ્લા ના વિસનગર શહેર ની નુતન સર્વ વિધાલય ખાતે ભારત વિકાસ પરિષદ વિસનગર દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતિ ને અનુલક્ષીને સ્વામી વિવેકાનંદજી ના જીવન ચરિત્ર વિષય પર એક વકૃત્વ સ્પર્ધા નુ આયોજન કરવા માં આવ્યુ હતુ. જેમાં વિસનગર તાલુકા માં થી ૧૪ જેટલી સ્કુલોમાં થી વિધાર્થીઓ એ ભાગ લીધો હતો આજ ના કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ વિસનગર ના પ્રમુખ ડૉ. જયેશભાઈ શુકલ.. મંત્રી જગદીશભાઈ પ્રજાપતિ..યુવા પ્રવૃતિ સંયોજક પુનિતભાઈ બારોટ, પ્રાંત ના અધિકારી ડૉ નિખીલભાઈ ઠક્કર.નિલેષભાઈ પટેલ અને નુતન સર્વ વિધાલય ના આચાર્ય રાજેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમ નુ સફર સંચાલન હર્ષદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આજની વકૃત્વ સ્પર્ધા માં પ્રથમ સ્થાને પિહુ પટેલ સરદાર સ્કુલ.. દ્રિતિય સ્થાને મનતશાબાનુ કુરેશી નવચેતના સ્કુલ ગુંજા.. તૃતીય સ્થાને જયસુખ રૂપાણી સી. એસ સ્કુલ રંગાકુઇ.. આવ્યા હતા.આજ ના વકૃત્વ સ્પર્ધા ના કાર્યક્રમ ને સફળ બનાવવા માટે નુતન સર્વ વિધાલય ના પૂર્વ આચાર્ય સુધીરભાઈ પટેલ.. પરાગભાઈ પટેલ.. તેમજ સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## શ્રી. વી. આર. કર્વે. પ્રોગ્રેસિવ પ્રાથમિક શાળામાં રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૬

શ્રી. વી. આર. કર્વે. પ્રોગ્રેસિવ. પ્રાથમિક શાળા મા રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ ના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો.જેમાં ડૉ. ફરહીન દ્વારા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થી ઓને પ્રાથમિક સારવાર કેવીરીતે આપવી તેની માહિતી ડેમોસ્ટ્રેશન દ્વારા આપવામાં આવી.

Volume : 10 Issue : 277 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002